ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*ચૂંટણી ફંડ દઈ કોંગ્રેસથી નાતો જોડી નાખો !*
*ને ચૂંટાયા પછી બધાને 'મફત' માં ફોડી નાખો!*
*ખોડી નાખો 'કમળ'નો ધ્વજ કોંગ્રેસ ભવનોમાં -*
*સિદ્ધાંત ને મૂલ્યોનું રાજકારણ ડહોળી નાખો !*
*(તોડ-ફોડ ની ભાજપી નીતિ)*

હાઈકુ

*પીડીપી દેસે*
*ઠૂંઠવાતા પક્ષને -*
*સત્તાની હુંફ !!*
*(લજ્જાની ટાઢમાં શરમાતા પક્ષને)*

*કોંગી સભ્યોને*
*કરાવે કંઈ પણ -*
*સત્તાની ભૂખ!!*
*(ગૂલાંટબાજ સભ્યો)*

### ચિંતન

**પુણ્યો વૈ પુણ્યેન કર્મણા ભવતિ પાપઃ પાપેન ।**

**ઉપરોક્ત સૂત્ર ભક્તિસૂત્રમાંથી લેવામાં આવેલ છે.**

**શુભ કર્મ કરનાર સારો થાય છે, સુખી સદાચારી ઘરમાં જન્મીને સુખી થાય છે, અને અશુભ કર્મવાળો પાપાત્મા, અશઆંત અથવા દુઃખી બને છે.**

**ન્યાયાધીશના સારા-નરસા ચુકાદાની પાછળ તેનો પક્ષપાત કે એની નિર્દયતા નથી હોતી, પણ કાયદો જ કામ કરે છે, તેવી રીતે પરમાત્મા કોઈ પ્રત્યે પક્ષપાત નથી કરતા કે નિર્દયતા પણ નથી બતાવતા. તે તો જીવોનાં કર્મોને જ ધ્યાનમાં રાખે છે. જીવ પોતાના કર્મોને આધારે જે સુખદુઃખ ભોગવે છે તેમને માટે પરમાત્માને જવાબદાર ન ગણી શકાય. બૃહદારણ્યક ઉપનિષદમાં પણ જણાવાયું છે કે, 'પુણ્યકર્મથી પુણ્યયોનિની અને પાપકર્મથી પાપયોનિની પ્રાપ્ત થાય છે.'**

**પુણ્યશાળી આત્મા ભૌતિકસુખથી ભરપૂર ઘરમાં (જ્યાં તે દાન-પુણ્ય-ધર્મ) નું આચરણ કરી શકે ત્યાં જન્મ 'મેળવે' છે પાપી દુઃખી અશાંત નિર્ધન ઘરમાં જન્મે છે.**

### સુવિચાર

- હીરા બનાયા હૈ... ઈશ્વરને હર કિસી કો પર ચમકતા વહી હૈ જો... તરાશ ને કી હદ સે ગુજરતા હૈ - **ઓશો**
- કરું બંદગી હું, કે શાંતિ જગતમાં સરેઆમ આવે,
  બને ધર્મ એવો કે જેમાં ના હિંદુ ના ઈસ્લામ આવે - **જનકલ્યાણ**
- વિદ્યાર્થીઓની થીકીંગ એબીલીટી (વિચારશક્તિ) નો વિકાસ
  કરી શકે એ જ ઉત્તમ શિક્ષક - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- સળગતા રહે છે એ જ પ્રકાશ આપે છે...
  બાકી બળતરા કરવા વાળા તો ધુમાડા જ કાઢે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- જયારે સંતાનો પર સંસ્કૃતિના રંગો કરતાં કળીયુગના રંગો વધુ જણાય ત્યારે સમજવું કે
  આપેલ શિક્ષણ એળે ગયું છે - **ચંદ્રકાન્ત બક્ષી**
- વિરોધ હોય ત્યારે સમજવું કે એ લોકો કાં તો તમને માપી નથી શકતા,
  કાં તો તમને આંબી નથી શકતા - **ભીખુદાન ગઢવી**
- આજનું ઔષધ : અજીર્ણમાં વિકળાના પાન, જીરુ, સૂંઠ, મરી, અજમો સિંધવ સરખે ભાગે ચૂર્ણ બનાવી સવાર-સાંજ લેવું. **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

શ્રીરામકૃષ્ણ પરમહંસના એક શિષ્ય નાગ મહાશય હતા. નાગમહાશયના પિતા સોમિત્ર બાબુ પોતે હોમીયોપેથીનું દવાખાનું ચલાવતા. તેમના મોટાભાગના દર્દીઓ ગરીબ હતા. તેથી તેમની આવક પણ ઓછી હતી.

એમની દવા અકસીર હતી એટલે ટકી રહેવાયું. એકવાર એક શ્રીમંત શેઠાણી સોમિત્ર બાબુ પાસે દવા લેવા આવ્યા. બહેનને ધીરે ધીરે રોગમાંથી મુક્તિ મળી. બહેન દવાના તથા કલ્સલ્ટીંગના પૈસાનું પૂછ્યું ત્યારે સૌમિત્ર બાબુએ કહ્યું, 'એક મહિનાની દવા દસ રૂપિયા અને માટે કન્સલ્ટીંગ પાંચ રૂપિયા એમ કુલ પંદર રૂપિયા આપવાના થાય છે.' શેઠાણીને આ રકમ ખૂબ નાની લાગી આથી એમને કહ્યું, 'આ એક સો રૂપિયા રાખો.'

સૌમિત્ર બાબુએ કહ્યું, 'મારા હકના પૈસા તો પંદર રૂપિયા થાય છે. અને જો તમારે દાન આપવું હોય તો દુર્ગાઅષ્ટમીએ આપજો. તે દિવસે જે દર્દીઓ આવશે તેમને આપના દાનના પૈસાથી દવા આપી દઈશું બાકી અત્યારે તો મને પંદર રૂપિયા જ આપો.'

સૌમિત્ર બાબુના પત્ની આ દૃશ્ય જોઈ ખૂભ નારાજ થયા. તો પણ સૌમિત્ર બાબુએ હક્કના પૈસા લેવાનો જ આગ્રહ કર્યો.

# આઈપીસીની કલમ ૪૯૭ વિવાદાસ્પદ

**તંત્રીસ્થાનેથી...**

સુપ્રીમ કોર્ટમાં ઈન્ડિયન પીનલ કોડની કલમ ૪૯૭ અન્વયે થયેલ અરજી સંદર્ભે કેન્દ્ર સરકારનો જવાબ એકવીસમી સદીને અનુરુપ નહીં હોવા છતાં ધ્યાન ખેંચે એવો તો છે જ. કાયદા પંચનું તારણ જે આવે તે, પણ અરજદારનો વાંધો પણ એટલો જ તાર્કિક છે. સ્ત્રીપુરુષના અંતરંગ સંબંધો પર ચોકી પહેરો બેસાડવાનો અધિકાર તો અદાલતને પણ ન જ હોવો જોઈએ. જો આવો અધિકાર સરકાર કે અદાલતને સોંપવામાં આવે તો સ્વતંત્ર લોકશાહી રાષ્ટ્રના નાગરિકના અંગત જીવન ઉપરનો એ બિનજરૂરી અને અણગમતો અંકુશ બની રહેશે. કલમ ૪૯૭ એ પરણેલ પુરુષને એની પરણેત્તર પર વિશે, અધિકાર આપતી કલમ છે. એમાં ઊંડા ઊતરતાં રૂઢિચુસ્ત પુરુષવાદી સમાજવ્યવસ્થાની ગંધ આવશે. પોતાની પરણેત્તર અન્ય પુરુષ સાથે એની પોતાની સહમતીથી પણ બેડરૂમ રિલેશનશિપ ધરાવતી હોય તો પીડિત પતિ પેલા પરપુરુષ પર વ્યભિચારનો આરોપ મૂકી એને સજા કરાવી શકે છે. કલમ ૪૯૭ મુજબ વ્યભિચારી પુરુષ દોષિત ગણાય છે જયારે એની સાથે જાર કર્મમાં સ્વેચ્છાએ જોડાઈ હોવા છતાં સ્ત્રી એક પીડિતા - 'વિકિટમ' જ ગણાય છે. આવા ભેદભાવપૂર્ણ અર્થઘટન વિરુદ્ધ યાચિકા કર્તાએ જે દાદ માગી છે તે આ મુદ્દે કે બંધારણની બીજી કોઈ જ કલમમાં લૈંગિક ભેદભાવ નથી રખાયો. સ્ત્રી અને પુરુષને તમામ બાબતોમાં સમાન માનતા બંધારણમાં આ એક જ કલમ એવી છે કે જેમાં પુરુષને એકલાને ગુનેગાર ગણવામાં આવે છે જયારે સંપૂર્ણપણે સ્વેચ્છાએ એની સાથે વ્યભિચારમાં જોડાયેલી સ્ત્રીને ભોગ બની ગઈ હોવાનું માની લેવામાં આવે છે. આ વિપર્યાસ સામે અરજદારે કરેલ અપીલ સામે અદાલતને સુપરત કરેલ જવાબમાં કેન્દ્ર સરકારે આ કલમ ભારતીય સંસ્કૃતિને અનુરુપ કુટુંબજીવન - લગ્નજીવનને ટકાવવા માટેની જોગવાઈ ધરાવતી કલમ હોવાની દલીલ કરી છે કેન્દ્ર સરકારે આ કલમ સામેની વાંધા અરજી ફગાવી દેવાની અદાલતને ભલામ કરી છે. કેન્દ્ર સરકારની ભલામણ સાંસ્કૃતિક સંદર્ભે અને લગ્નજીવન ટકાવવા માટે કૃતક ઉપાય લેખે કદાચ બરાબર લાગે પરંતુ ન્યાયદૃષ્ટિએ તો વ્યભિચારમાં લપેટાયેલાં અને સ્વેચ્છાએ આ કૃત્ય આચરતાં બેઉ પાત્રો સરખાં જ ગુનેગાર ગણાવાં જોઈએ. વળી એ જુદી વાત છે કે સ્ત્રી પરપુરુષને કયારે વશ થાય છે - તેની પણ ચર્ચા કરવી પડે. જો એને ઘરથી પૂરો સંતો, હોય તો એ એવું પગલું ભરવા મજબૂર થઈ હોય એમ પણ બને. જો પતિની મંજૂરીથી આવું કૃત્ય આચરવામાં આવે તો તે ગુનો નથી બનતું. પરંતુ સ્વેચ્છાએ સ્ત્રી અન્ય પુરુષ સાથે જાર કર્મમાં જોડાય તો એનો બધો દોષ સામેના પુરુષનો. આ મુદ્દો લૉજિકની રીતે બરાબર ન જ લાગે. પરંતુ કેન્દ્ર સરકાર એને લગ્નજીવન બચાવવા માટેનો કીમિયો ગણીને સ્ત્રીને દોષમુક્ત ગણવાનો આગ્રહ રાખે તે કેવું ? વ્યભિચાર પણ જો બેઉ પુખ્ય વયનાં નરનારી પરસ્પરની સહમતીપૂર્વક આચરતાં હોય તો તે એમનો અંગત પ્રશ્ન છે. સ્ત્રીના પતિને જરૂર વાંધો હોઈ શકે અને આ મુદ્દે તે છૂટાછેટા પણ માગી તેમજ મેળવી શકે. પરંતુ આઈપીસીની કલમ ૪૯૭માં તો આવા વ્યભિચાર માટે માત્ર પુરુષને જ ગુનેગાર ગણી પાંચ વર્ષ સુધીની સજા તેમ જ દંડની જોગવાઈ છે. એ કૃત્યને 'બળાત્કર'ની શ્રેણીમાં નહીં ગણવું એટલી સ્પષ્ટતા જરૂર આશ્વાસનરૂપ લાગે !

# બાળક : જો હું ટીવી હોત તો...



## રંગ-ઉમંગ

કાનન ઓઝા

આજનો વાલી ખૂબ જ બિઝી બની ગયો છે. તેની પાસે પોતાના શરીર કે બાળક સાચવવામાં પૂરતો સમય નથી. આમ છતાં આ વાલી ટીવી પાસે વધુ ને વધુ ઘેલો થઈને પોતાને વધુ બીઝી બનાવી રહ્યો છે. પહેલાના સમયમાં ટીવીનું ચલણ ઓછું હતું. ત્યારે નોકરી ધંધાથી ઘરે આવેલ માણસ ખાઈ પીને ઓટલા પર બેસીને પાડોશી સાથે વાત કરતો. દરરોજ સાંજે શેરી-મહોલ્લામાં ઓટલા પરિષદ ભરાતી હતી, હસી-મજાક થતા અને દરેકનો થાક ઊતરી જતો. પરંતુ આજે નોકરી ધંધામાંથી ઘેર આવેલ માણસની પહેલી આંગળી પંખા કે એ.સી. ની સ્વીચ પર પડે છે. અને બીજી આંગળી ટીવીની સ્વીચ પર પડે છે. તેને નથી રસ પાડોશીમાં કે નથી રસ પોતાના કુટુંબ સભ્યોમાં. તેને રસ છે માત્ર ટીવીમાં. સામે ઘરને સાંભળતી ગૃહિનીને પણ બાળકો કે તેના પતિ કરતાં ટીવીમાં વધારે રસ પડવા લાગ્યો છે. ભૂખ્યા પતિ કે બાળકને પણ ચોક્કસ સિરિયલ આવે તે પહેલાં કે પછી જ જમવાની સૂચના આપનાર ધણિયાણી તેને પોતાનો હક સમજવા લાગી છે. ટીવી ટાલુ થાય ત્યારે ઘરનાં કોઈ સભ્યે બોલવાનું નહીં. જો કોઈ બોલે તો ઘરનાં અન્ય સભ્ય તેની બોલતી બંધ કરી દે છે. તેમાં નાના બાળકોની દશા દિવસે-દિવસે બગડતી જાય છે. આજના બાળકોએ તો ચાવી ભરેલા રમકડાંની જેમ જીવવાનું મમ્મી પણ કહે તે અલગ ઓરડામાં જઈને કરવાનું. પોતાની લાગણી વ્યક્ત કરવા માટે પણ મમ્મી-પપ્પાનો મૂક જોઈને વ્યક્ત કરવી પડે છે. જયારે મમ્મી-પપ્પા ટીવી જોઈ હોય ત્યારે બાળક કંઈ પૂછે તો બે શબ્દમાં જવાબ આપે 'કાલે અથવા પછી' આજના વાલીઓ તેમનાં બાળક કરતાં ટીવીમાં વધુ રસ લે છે. ટીવી જોતા હોય અને કોઈ મહેમાન આવી ચડે તો પાણી આપવા પણ ઊભા ન થાય પણ લેસન કરતા બાળક ને ઊભો કરે અને એમાંય જો પાણી લાવવામાં મોડું કરે તો બાળકને ધમકાવી દે આમ આમ તેમ આપ એવી રીતે કામ બતાવે પણ આપણે સમજીએ કે મનોરંજનની જરૂર બધાને હોય. પણ તમે આ મનોરંજનમાં તમારા બાળકને સમય નથી આપતા. તમે કોઈ વાર નક્કી કર્યું છે કે બાળક ને કેટલીવાર કેટલો સમય આપવો તે તમે નક્કી ન કરો. તમારે બાળકને પૂછીને નક્કી કરો. તમારા બાળક ને તમારી હૂંફ ખૂબ જ જરૂરી હોય છે.

એકવાર એવું બન્યું કે એક શાળામાં નિબંધન હરિફાઈ થઈ ત્યારે એક વિદ્યાર્થી એ નિબંધ લખ્યો, 'જો હું ટીવી અથવા તો મોબાઈલ વિશે એ વિદ્યાર્થી એ નિબંધમાં લખ્યું કે જો હું ટીવી કે મોબાઈલ હોત તો મારા માતાપિતા રોજ મને સમયસર સમય પ્રમાણે મારી સાથે બેસી મને રોજ સવારે ઉઠતાંવેત અને મોડી રાત મને જોયા કરત, મને જોઈને હસીમય, અને તમે જોઈ ને રડી પણ જાય. હું મારા માતાપિતાનું મનોરંજન નું સાધન બનત જો હું ટીવી કે મોબાઈલ હોત તો મને, બગડી જવાની મારી કાળજી લેત, મને સમયસર ચાર્જિંગ રૂપી ખોરાક, સમયસર આપ મને દિવસ-રાત એમની પાસે લઈ ફરત. એમના આંગળીનો સ્પર્શ પ્રેમથી મને મળત, હું મારા માતાપિતાના પ્રેમ માટે નિર્જીવ વસ્તુ પણ બનવા તૈયાર છું. આજે આપણે બાલકને ટાઈમ નહી આપો તો ભવિષ્યમાં પણ તે તમને ટાઈમ નહીં આપે.' તે કરવું હોય તે કર એમ કહીં સ્વતંત્રતા આપ છો. અને તેવો સંતોષ કે ગૌરવ ન મળે. હકીકતમાં તમે તેનેસમય આપવાના નથી. એમ બોલો છો. તમારી ધારણા કે માન્યતા તેની પર ઠોકી ના બેસાડો.

# સેન્ટ્રલ રાઈસ રિસર્ચ ઈન્સ્ટીટયુટ કયાં આવેલ છે?



## ખજાનો

અનિલ પટેલ

### કૃષિ જગત

૧ રાષ્ટ્રીય ડેરી અનુસંધાન સંસ્થાન, કરનાર કયું ત્રિ-માસિક પ્રગટ કરવામાં આવે છે?
(અ) ડેરી ઉદ્યોગ (બ) ગૌધન
(ક) ડેરી સમાચાર (ડ) દૂધગંગા

૨ જી.બી. પંત કૃષિ અને પ્રૌદ્યોગિકી યુનિવર્સિટી, પંતનગર, ઉત્તરાંચલ, ખેડૂતો માટે કયુ સામયિક પ્રગટ કરે છે ?
(અ) કૃષિ જગત (બ) કૃષિદર્શન
(ક) કિશાન જગત (ડ) કિસાન ભારતી

૩ ચંદ્રશેખર આઝાદ કૃષિ અને પ્રૌદ્યોગિક યુનિ. કયાં આવેલી છે ?
(અ) લખનૌ (બ) ઉદયપુર
(ક) જબલપુર (ડ) હિસાબ

૪ સેન્ટ્રલ રાઈસ રિસર્ચ ઈન્સ્ટીટયુટ કયાં આવેલ છે ?
(અ) કટક (બ) ભરતપુર
(ક) નાગપુર (ડ) ઈન્દોર

૫ નેશનલ રિસર્ચ સેન્ટર ફોર સોયાબીન કયાં આવેલ છે ?
(અ) પૂણે (બ) પંતનગર
(ક) ઈન્દોર (ડ) જબલપુર

૬ પાક માટે આવશ્યક ત્રણ મુખ્ય તત્ત્વોમાં કોનો સમાવેશ થતો નથી ?
(અ) કેલ્શિયમ (બ) નાઈટ્રોજન
(ક) ફોસ્ફરસ (ડ) પોટેશિયમ

૭ રાષ્ટ્રીય કાજુ અનુસંધાન કેન્દ્ર કયાં આવેલ છે ?
(અ) હિસાર (હરિયાણા) (બ) કાલીકટ (કેરલ)
(ક) પુત્તુર, (કર્ણાટક) (ડ) જૂનાગઢ (ગુજરાત)

૮ પાક માટે મહત્ત્વનાં એવાં વાતાવરણમાંથી મળતા ત્રણ તત્ત્વોમાં કોનો સમાવેશ થતો નથી?
(અ) કાર્બન (બ) ઓક્સિજન
(ક) કલોરીન (ડ) હાઈડ્રોજન

૯ કયા પાકની ખેતીને વીટી કલ્ચર કહે છે ?
(અ) દ્રાક્ષની ખેતી (બ) ખારેકની ખેતી
(ક) ફુલોની ખેતી (ડ) દાડમની ખેતી

૧૦ નેશનલ રિસર્ચ સેન્ટર ફોર ગ્રેપ્સ કયાં આવેલ છે ?
(અ) લોનાવાલા (બ) પુણે
(ક) ઈંદોર (ડ) નાગપુર

૧૧ શક્તિમાન-૧ અને ૨ કયા પાકની જાતો છે?
(અ) ચોખા (બ) જુવાર
(ક) ઘઉં (ડ) મકાઈ

૧૨ નાબાર્ડનું મુખ્યાલય કયાં આવેલ છે ?
(અ) દિલ્હી (બ) જબલપુર
(ક) મુંબઈ (ડ) કોલકાત્તા

૧૩ હંગેરીના તત્કાલીન કૃષિમંત્રી ડૉ. પાલ રોમાની એ કયાં દિવસની ઉજવણીનું સૂચન કર્યું હતું ?
(અ) કિસાન દિવસ (બ) વિશ્વ ખાદ્યાન્ય દિન
(ક) વિશ્વ જલદિન (ડ) વિશ્વ કૃષિ દિન

૧૪ ભારતીય ખાદ્ય નિગમની સ્થાપના કયારે થઈ હતી ?
(અ) ૧૯૬૨ (બ) ૧૯૬૫
(ક) ૧૯૬૭ (ડ) ૧૯૭૦

૧૫ હિન્દુસ્તાન ફર્ટિલાઈઝર લિમિટેડનું મુખ્યાલય કયાં આવેલ છે ?
(અ) નવી દિલ્હી (બ) મુંબઈ
(ક) લખનૌ (ડ) પુણે

### વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતી મહત્ત્વની ઘટનાઓ**

- **૧૩ જુલાઈ :**
  - મુંબઈમાં બોમ્બ બ્લાસ્ટ (૨૦૦૧)
  - શ્રેષ્ટ ચિત્રકાર 'ચિત્રલેખા', 'વંદે માતરમ્,', 'રમકડું' વગેરે સામયિકોમાં શ્રેષ્ઠ ચિત્રો આપનાર શિવ પંડ્યાની પુણ્યતિથિ (૧૯૭૮)
  - વ્યાયામવીર છોટુભાઈ પુરાણીનો જન્મ દિવસ (૧૮૮૫)
  - ઈંગ્લેન્ડના લીડ્સમાં ભારતીય ટીમ પહેલી વનડે રમી (૧૯૭૪)
- **૧૪ જુલાઈ :**
  - સ્વામી શિવાનંદ સરસ્વતીનો જન્મ દિવસ (૧૮૮૭)
  - જાણીતા સાહિત્યકાર ડૉ. આઈ.કે. વીજળીવાળાનો જન્મ દિવસ (૧૯૬૦)
  - મધુસૂદન ટી. પારેખની જન્મજયંતિ (૧૯૨૩)
  - સંગીતકાર મદનમોહન કોહલીનું નિધન (૧૯૭૫)
- **૧૫ જુલાઈ :**
  - જવાહરલાલ નહેરુને 'ભારત રત્ન'નો ખિતાબ અપાયો (૧૯૫૫)
  - સોશિયલ નેટવર્ક 'ટ્વિટર'નું ફુલવર્ઝન લોન્ચ થયું (૨૦૦૬)
  - દેશભક્ત સન્નારી શ્રીમતી દુર્ગાભાઈ દેશમુખનો જન્મદિવસ (૧૯૦૯)
  - નરસિંહ રાવ સરકારે બહુમતી ન હોવ છતાં વિશ્વાસનો મત જીત્યો (૧૯૯૧)
- **૧૬ જુલાઈ :**
  - દેશપ્રેમી અરુણા અસફ અલીનો જન્મ દિવસ (૧૯૦૯)
  - સાહિત્યકાર અને કટારલેખક દિલીપ રાણપુરાનો જન્મ દિવસ (૧૯૩૨)
  - મહાન રસાયણશાસ્ત્રી ત્રિભુવનદાસ ગજ્જરની પુણ્યતિથિ (૧૯૨૦)
  - હોકી ખેલાડી અને કોચ ધનરાજનો જન્મદિવસ (૧૯૬૮)
- **૧૭ જુલાઈ :**
  - આઝાદીની ચળવળમાં જોડાનાર સ્વાતંત્ર્ય સેનાની ઈન્દુલાલ યાજ્ઞિકનું અવસાન થયું (૧૯૭૨)
  - 'કરણઘેલા' નવલકથાના સર્જક નંદશંકર મહેતાની પુણ્યતિથિ (૧૯૦૫)
  - અમેરિકાના ઘાતક બોમ્બર વિમાની પહેલી ફલાઈટ બી-૨ સ્પિરીટ ઊડી હતી. (૧૯૮૯)
- **૧૮ જુલાઈ :**
  - છોટુભાઈ ર. નાયકની જન્મજયંતી (૧૯૧૩)
  - સાધુ ચરિત્ર, સાક્ષરવર્ય અમૃતલાલ પઢિયારની પુણ્યતિથી (૧૯૧૯)
  - અમૃત કેશવ નાયકની પુણ્યતિથિ (૧૯૦૭)
  - મિસ વર્લ્ડ અભિનેત્રી પ્રિયંકા ચોપડાનો જન્મદિવસ (૧૯૮૨)
  - ભારતે પહેલો સેટેલાઈટ લોન્ચ કર્યો (૧૯૮૦)
  - વિશ્વની સૌથી મોટી સેમી કન્ડકટર શીપ મેકર ઈન્ટેલ કંપનીની સ્થાપના (૧૯૬૮)
- **૧૯ જુલાઈ :**
  - જાણીતા વૈજ્ઞાનિક જયંત નારલીકરનો જન્મ દિવસ (૧૯૩૮)
  - કથકનૃત્યના કલાગુરુ લચ્છુ મહારાજનું નિધન (૧૯૭૮)
  - ભારતમાં ઈન્કમટેક્સનો કાયદો અમલમાં આવ્યો (૧૮૬૦)
  - ભારત સરકારે ૧૪ બેન્કોનું રાષ્ટ્રીયકરણ કર્યું (૧૯૬૯)

#### ગત સપ્તાહના સવાલનો જવાબ

**સૌથી નાની ઉંમરમાં કોને શાંતિ માટેનું નોબલ પ્રાઈઝ મળેલ છે ?**

**જવાબ : મલાલા યુસુફજાઈ**

#### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત એમ. રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨ (૨) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૭બી (૩) નટુભાઈ દરજી : પેથાપુર (૪) હાર્દિક ભટ્ટ : સે-૨૪ (૫) જયેન્દ્ર પ્રસાદ પાઠક : સે-૬ (૬) પંકજ આર પ્રજાપતિ : ઉવારસદ (૭) અનિકેત સુમેસરા : સે-૨૪

#### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**કોંગ્રેસના યુવાનેતા આદિત્યરાજ સિંધિયા કયા સંસદીય ક્ષેત્રનાં સાંસદ છે૧?**

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**

**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# અષાઢના પહેલે દિવસે

(૧) આષાઢ કા પહેલા દિન ઔર ઐસી વર્ષા ॥

મલ્લિકા આ વાકય બોલી અને ઘરમાં પ્રવેશી. વરસાદમાં પલળી ગઈ હતી. ઉજ્જયિની પાસેના ગામમાં રહેતી હતી; મહાકવિ કાલિદાસની પ્રેયસી હતી.

મોહન રાકેશનું ત્રિઅંકી નાટક છે. 'આષાઢ કા એક દિન' (ઈ.સ. ૧૯૫૮) નાટકને અંતે



મલ્લિકા અને કાલિદાસ મળે છે, ત્યારે પણ છે આષાઢને પહેલો દિવસ. પરંતુ એમનું આ મિલન ચિરસ્થાયી ન બન્યું.

નાટકમાં - આ દિવસથી આરંભ અનો અંતમાં આ દિવસ. (૨) અષાઢનો પહેલો દિવસ હતો, ત્યારે પક્ષે મેઘનો જોયો. આ મેઘે પર્વતના શિખરને આલિંગન આપ્યું હતું. હાથી દંતશૂળનો પર્વતમાં ખોસવાની રમત રમતો હોય, એવો આ મેઘ લાગતો હતો.

કાલિદાસના ખંડકાવ્ય 'મેઘદૂત' (ઈ.પૂ. ૫૬) આરંભ આનાથી થાય છે. (શ્લોક-૨)



## અમર વારસો

ડો. રશ્મિકાન્ત મહેતા

આ યક્ષ કૈલાસપર્વતની ઉત્તરે આવેલી અલકા નગરીમાં રહેતો હતો. પરંતુ પત્ની સાથેના સહવાસને કારણે ફરજમાં બેદરકાર બન્યો. આથી એને કુબેરનો શાપ મળ્યો હતો. તે મુજબ તેણે એક વરસ પત્નીથી વિખૂટા રહેવાનું હતું. તે રામગિરિ ઉપર આવ્યો. આઠ મહિના તો એણે જેમતેમ કરીને પસાર કરી નાખ્યા. પરંતુ અષાઢનો પહેલો દિવસ આવ્યો. એણે મેઘને જોયો. પર્વતના શિખરને આલિંગીને પડ્યો હતો. આ જોઈને એની વિરહ વેદના પ્રબળ થઈ ગઈ. 'મેઘ અચેતન છે,' એ ભૂલી ગયો. આ મેઘ સાથે જ પોતાની યક્ષિણીને એણે સંદેશો મોકલવાનું નક્કી કર્યું. પહેલાં તેણે રામગિરિથી અલકા સુધીનો જવાને માર્ગ કહ્યો. પછી યક્ષિણી માટેનો સંદેશો કહ્યો. છેલ્લે એણે મેઘને શુભેચ્છા આપી કે તારો વીજળી સાથે વિયોગ કયારેય પણ ન થાય.

આ રીતે યક્ષ દ્વારા મેઘસંદેશની ઘટના અષાઢના પહેલા દિવસે બની છે.

'મેઘદૂત' ખંડકાવ્યમાં ૧૨૦ શ્લોક છે : બે વિભાગ છે - પૂર્વ મેઘ અને ઉત્તર મેઘ. વિરહની વેદનાને રસાળશૈલીમાં પ્રગટ કરતું આ ઉર્મિકાવ્ય છે. આ સંવેદનાને વહેતી રાખે એવો છંદ મંદાક્રાન્તા છે. પ્રસિદ્ધ ચિત્રકાર રવિ વર્માએ ઈ.સ. ૧૮૭૮માં એક ચિત્ર બનાવ્યું હતું. તેમાં યક્ષ મેઘને સંદેશ આપી રહ્યો છે. બીજું ચિત્ર શકુંતલાનું હતું. ભારત સરકારના ટપાલ વિભાગે આની બે સ્ટેમ્પ તૈયાર કરાવી.

આનું લોકાર્પણ કરાવ્યું હતું. એ દિવસે પણ હતો અષાઢનો પહેલો દિવસ; ૨૨ જૂન ૧૯૬૦.

ઈ.સ. ૧૮૧૩માં હેન્રી વિલ્સને આ કાવ્યનો પદ્ય અનુવાસ કર્યો હતો. જર્મન કવિ ગ્યૂઈથે આ વાંચીને ખુશ થયા. એમણે મેઘદૂત માટે પ્રશસ્તિ કાવ્ય રચ્યું.

જર્મન કવિ શીલર ઉપર આ કાવ્યનો પ્રભાવ હતો. શીલરે 'મારિયા સ્ટુઅર્ટ' ની રચના કરી. મારિયા સ્ટુઅર્ટને મૃત્યુદંડ થયો છે. એ કેદગ્રસ્ત છે. એ પોતાના પ્રિયજનને સ્કોટલેન્ડ વાદળ સાથે સંદેળો મોકલે છે.

ગુજરાતીમાં મેઘદૂતના ૪૦ પદ્ય અનુવાદો થયા છે. આમાં સૌથી પહેલો છે. ઈ.સ. ૧૯૧૩માં થયો. એ અમદાવાદના કિલાભાઈ ઘનશ્યામભાઈનો છે.

મેઘદૂત કાવ્ય ઉત્તમ છે. કારણ કે એમાં સ્વ. અનુભૂતિની સચ્ચાઈ છે. મલ્લિકા યક્ષિણી છે જાણે કે કાલિદાસ યક્ષ છે. આજે પણ રામગિરિ પાસેના આદિવાસીઓનું લોકગીત છે. એમાં કાલી આની ટેકરી ઉપર ઊભો રહીને વાદળને પોતાના વિરહની વ્યથા કહેતો હોય છે. કાલિદાસ તો દંતકથાઓમાં પણ નાયક છે. આમાં એની પ્રિયતમાનું નામ વિદ્યોત્તમા છે.

મેઘદૂત માટે કહેવત છે - મેઘદૂત કાવ્યને માણવામાં તો આયુષ્ય પસાર થઈ જાય !